ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૯૬૩૨૪૧૩
E-mail : aspdssaguj@gmail.com

જયશ્રી દેવાંગન, IAS
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર. સમગ્ર શિક્ષા

ક્રમાંક: SSA/MIS/2023/ ૯૩૧૯૯-૯૯૭ તા. ૧/૦૩/૨૦૨૩

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ BISAGથી પ્રસારિત થતી વંદે ગુજરાત શૈક્ષણિક ચેનલો નિહાળવા માટે MPEG-4 ટેલીકાસ્ટ ટેક્નોલોજી ધરાવતા સેટ ટોપ બોક્ષ ઇન્સ્ટોલ કરાવવા બાબતે**

**સંદર્ભઃ (૧) BISAGનો તા.૨૨.૦૨.૨૦૨૨ અને તા.૦૩.૦૮.૨૦૨૨નો પત્ર**

**(૨) અત્રેની કચેરીની તા.૨૪.૦૨.૨૦૨૩ની નોંધ પર માન. એસપીડીશ્રીની મળેલ મંજૂરી**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, BISAG દ્વારા 'વંદે ગુજરાત' ચેનલો MPEG-2 ફોર્મેટમાં ડિજિટલ વિડિયો બ્રોડકાસ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રસારિત કરવામાં આવી રહી હતી, જેમાં ફેરફાર કરીને તા.૩૦.૦૬.૨૦૨૨થી ટેલિકાસ્ટ ટેક્નોલોજી MPEG-4 ફોર્મેટમાં તબદીલ કરી દીધી છે. BISAG દ્વારા હવેથી MPEG-2 ની જગ્યાએ ટેલિકાસ્ટ માટે MPEG-4 ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આથી, હવેથી BISAG પ્રસારિત થતી વંદે ગુજરાત શૈક્ષણિક ચેનલો નિહાળવા માટે MPEG-4 ટેલીકાસ્ટ ટેક્નોલોજી ધરાવતા સેટ ટોપ બોક્ષની જરૂર પડશે. ડીશ એન્ટેના, LNBF (કેમેરા), કેબલ વગેરે બદલવાની જરૂર નથી, માત્ર સેટ ટોપ બોક્સને MPEG-4 ટેકનોલોજી ધરાવતા સેટ ટોપ બોક્સથી બદલવાનું રહેશે.

(સ્ટેમ્પ: ... વડોદરા, આવક નંબર ૧૦૧૧, તા. ૭-૩-૨૩)

૦૨/૦૩

આ સંદર્ભે, BISAGથી પ્રસારિત થતી વંદે ગુજરાત શૈક્ષણિક ચેનલો નિહાળવા માટે MPEG-4 ટેલીકાસ્ટ ટેક્નોલોજી ધરાવતા સેટ ટોપ બોક્ષ શાળા કક્ષાએ ઉપલબ્ધ સંયુક્ત શાળા ગ્રાન્ટમાંથી ખર્ચ કરી ઇન્સ્ટોલ કરાવવા બાબતે તમામ શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

**નોંધઃ- માત્ર MPEG-2 સેટ ટોપ બોક્સને MPEG-4 સેટ ટોપ બોક્સથી બદલવાનું રહેશે, જે શાળાઓએ પહેલેથી જ MPEG-4 સેટ ટોપ બોક્સ સાથે DTH સિસ્ટમ ઇન્સ્ટોલ કરી લીધી છે, તેમને કંઈપણ કરવાની જરૂર નથી.**

**(જયશ્રી દેવાંગન)**
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ક્રમાંક:ક-૩/પરિપત્ર/૨૦૨૩/ ૧૯૭૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા
તા. ૭/૦૩/૨૦૨૩

૨/- સમગ્ર શિક્ષા, ગાંધીનગરના ઉક્ત જણાવ્યા મુજબના તા.૦૧/૦૩/૨૦૨૩ના પત્ર અન્વયે જરૂરી સૂચના આપવા સારું.

(આર.આર.વ્યાસ)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તરફ.
જિ. વડોદરા